## ડાયરેક્ટ ❤ સે

સત્ય ઉત્તમ છે,
પરંતુ
સત્ય શું
એ નક્કી કરવું અઘરું છે.

## જન્મદિને વધામણી



**જિજ્ઞેશ જાની**
પ્રેસ ફોટોગ્રાફર
(પાયલ સ્ટુડિયો)
મો. ૯૪૨૮૫ ૯૫૯૭૬



**સાર્થક ગૌતમ**
જીએસપીસીએલ
મો. ૯૮૨૫૦ ૦૫૪૩૬



**તુષાર સી ધનેશ્વર**
મો.૯૮૯૮૫ ૨૭૪૬૦



**અર્પિત આર મહેતા**
મો. ૯૩૨૮૦ ૨૦૧૫૨



**નિકુંજ વૈશ્યક**
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## રંગોળી સ્પર્ધામાં શ્રી જે બી પ્રાથમિક સ્કૂલ ઝળકી

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા રંગોળી અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના ૧૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રંગોળી સ્પર્ધામાં પ્રથમ અને પાંચમો વિજેતા ક્રમ મેળવી પુરસ્કાર પ્રાપ્ત કર્યો હતો.

શાળાનું ગૌરવ વધારનાર આ વિદ્યાર્થીઓ - અનુક્રમે તેજસ અમૃતભાઈ મકવાણા અને જય રજનીકાંતભાઈ સુથારને આચાર્ય નીવાબેન પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## લોકનિકેતન, રતનપુર ખાતે
# બીજીથી વિશ્વગ્રામ સંસ્થા દ્વારા 'સમગ્રતાનું શિક્ષણ' વિષયે શિબિર

ગાંધીનગર, તા. ૨૬

વિશ્વગ્રામ દ્વારા 'સમગ્રતાનું શિક્ષણ' વિષયે શિબિર આગામી તા. બીજી ડિસેમ્બરથી લોકનિકેતન ખાતે યોજાઈ રહી છે.

આ અંગેની વિગતો આપતં તુલા-સંજય દ્વારા જણાવવામાં આવ્યું છે કે લોકનિકેતન, રતનપુર, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા ખાતે આગામી તા. બીજીથી પાંચમી ડિસેમ્બર દરમિયાન આ શિબિર યોજાઈ રહ્યો છે.

વક્તા તરીકે આઈઆઈટીના પૂર્વ પ્રાધ્યાપક અને મૅગ્સેસે ઍવોર્ડ વિજેતા શાંતિ ચળવળકાર સંદિપ પાંડે, ખ્યાત સાહિત્યકાર મણીલાલ હ. પટેલ તથા શિક્ષણવિદ અને કટાર લેખક ભદ્રાયુ વછરાજાની ઉપસ્થિત રહેશે. શિબિરમાં જોડાવા માટેનું શુલ્ક ૨૫૦ રૂપિયા રાખવામાં આવ્યું છે. શિબિરમાં જોડાવા માટે મોબાઈલ નંબર ૯૪૨૬૩ ૮૮૨૩૪ અથવા ઈમેઈલ vishwagram-basna@gmail.com દ્વારા સંસ્થાનો સંપર્ક કરવા તેમણે વધુમાં જણાવ્યું છે.

## રંગોળી-ચિત્ર સ્પર્ધામાં એમ બી પટેલ સ્કૂલ ઝળકી

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા રંગોળી અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મૃદુલાબેન ભરતભાઈ પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલની વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ વિવિધ વિજેતાક્રમ પ્રાપ્ત કર્યા હતા. મહેંદી સ્પર્ધામાં અરબીના સૈયદ પ્રથમ, ઊર્મિ ગોરધનભાઈ પ્રજાપતિ દ્વિતિય, ચિત્ર સ્પર્ધામાં તન્વી જાડેજા દ્વિતિય અને રંગોળી સ્પર્ધામાં જીયાખાન પોલાદી તૃતિય સ્થાને વિજેતા બન્યાં હતાં. આચાર્ય નીરૂબેન જે પટેલે વિદ્યાર્થીનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# ગુજરાતી ગઝલોમાં મરીઝ તેમનો નિર્દોષ ચહેરો લઈને ઊભા છે

ગાંધીનગર, તા. ૨૬

જેમ જેમ સમય જાય છે, એમ એમ મરીઝની લોકપ્રિયતામાં વધારો થતો જાય છે, આ હકીકત વ્યક્ત કરી મિસ્કીને. માતૃભાષા અભિયાન, ગુજરાત લિટરેચર ફેસ્ટિવલ, કનોરીયા સેન્ટર ફોર આર્ટ્સ, તેમજ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા 'પરસ્પર : મારી દૃષ્ટિએ મરીઝ'માં કવિ રાજેશ વ્યાસ મિસ્કીને મરીઝને એક નવી દૃષ્ટિએ રજૂ કર્યા હતા.

તેમણે કહ્યું કે, એક સમર્થ ગઝલકાર મરીઝ, પતિ, પ્રેમી, પિતા મરીઝ, શરાબી સંત મરીઝ, ઉમદા માનવી મરીઝ, ગાફેલ, બરબાદ, આવારા મરીઝ, કેટકેટલા મરીઝ ગુજરાતી ગઝલમાં તેમનો નિર્દોષ ચહેરો લઈને ઊભેલા મળી આવે છે. આજે મારા હૃદયમાં રહેલાં મરીઝની વાત કરી રહ્યો છું, ત્યારે આ એ મરીઝ છે, જેણે ગુજરાતી ભાષા અને ગુજરાતી ગઝલને લોકોના હૃદયમાં ધબકતી રાખવાનો પ્રયાસ કર્યો છે. મારા ઘરની સામે થોડા મહારાષ્ટ્રના હિન્દી ભાષીઓ રહેવા આવેલાં, પણ ગઝલના શોખીન હતાં, એમને મેં મરીઝની ગઝલ સંભળાવી. એમના ચહેરા પર અને આંખોમાં જે ચમક આવતી હતી, એનાથી મને લાગ્યું કે ભાષા વગર પણ ભાષાથી કામ લઈ શકે એ મરીઝ.

રાજેશ વ્યાસ 'મિસ્કીન' દ્વારા જણાવાયું હતું કે મરીઝ સાહેબને મેં વાંચ્યા છે, અનુભવ્યા છે, જીવ્યો છું. સુરેશ દલાલના કવિતા મેગેઝિનમાં મરીઝ સાહેબનો ફોટો છપાયેલો, એની પાછળ ચંદ્રકાન્ત ટોપીવાળાનો ફોટો, પણ મને મરીઝ સાહેબનો ફોટો રોજ જોવાનું મન થાય છે.





ગાંધીનગર, તા. ૨૬

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીની મહારાજની પ્રેરણાથી મનવ સેવા અભિયન અંતર્ગત સદ્ગુરુ શ્રી સ્વસિદ્ધચરણદાસજી સ્વામી, શ્રી યોગપ્રિયદસજી સ્વામી, શ્રી ઘનશ્યમ સ્વરૂપદાસજી સ્વામી અને ડૉ. એમ જી પી સાગર, જિલ્લા તબિબિ અધિકારી સહ સિવિલ સર્જનની ઉપસ્થિતિમાં સિવિલ હૉસ્પિટલ, ગોધરા ખાતે સઘળા દર્દીઓને ગરમ ધાબળા, લીલો મેવો-નાળિયેર, સફરજન, મોસંબી વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું અને દર્દીઓ જલદીથી સાજા થાય તેવી પ્રાર્થના આ પ્રસંગે કરવામાં આવી હતી.

# ધોરણ-૧૦ના ફોર્મમાં ૧૦ ડિસે. સુધી સુધારો કરી શકાશે

## એપ્રુવ્ડ અરજીઓમાં સુધારો કરી શકાશે

ગાંધીનગર, તા. ૨૬

ધોરણ-૧૦ના તમામ વિદ્યાર્થીઓના રેગ્યુલર ફી સાથે આવેદનપત્રો ભરવાની કાર્યવાહી પૂર્ણ થઈ ચુકી છે. જ્યારે લેઈટ ફી સાથે આવેદનપત્રો ભરવાની કાર્યવાહી ૧૦ ડિસેમ્બર સુધી ચાલુ રહેશે. જે વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરાઈ ચુક્યા છે તેમાં અંતિમ તારીખ સુધી સુધારો શાળા કક્ષાએથી જ કરી શકાશે. એપ્રુવ કરેલા આવેદનપત્રોમાં સુધારો કરી શકાશે.

આવેદનપત્રોમાં સુધારો કરવા માટેની કાર્યવાહી પણ બોર્ડ દ્વારા શરૂ કરાઈ છે. જેમાં ફાઈનલ એપ્રુવલ કરી દીધું હોય તો સબમીટ કરી ફાઈનલ એપ્રુવલ કાઢી નાંખવું અને ત્યાર બાદ વિદ્યાર્થીઓનું પ્રિન્સીપાલ એપ્રુવલ કાઢી નાંખવાનું રહેશે.

## ગીતા શ્લોકના પઠનથી જીવનમાં ઉત્સાહનો સંચાર થઈ શકે
# ૩૦મીએ ગીતા જયંતી નિમિત્તે 'શ્લોક-ગાન સ્પર્ધા' યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

દરરોજ શ્રીમદ્ ભગવદ્ ગીતાના ઓછામાં ઓછા એક શ્લોકનું પણ પઠન કરવામાં આવે તો જીવનમાં ઉત્સાહનો સંચાર થશે, એવી પ્રેરણા સત્પ્રેરણા ટ્રસ્ટ દ્વારા શાળાનાં બાળકોથી માંડીને બધાને આપવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે સત્પ્રેરણા ટ્રસ્ટ તા.૩૦મી નવેમ્બરના રોજ જે 'ગીતા જયંતી' આવી રહી છે, તેને 'ગીતા પ્રેરણા' રૂપમાં ઉજવી રહ્યું છે. જ્યારે ગીતા જયંતીના ઉપલક્ષ્યમાં આ ટ્રસ્ટ દ્વારા અમદાવાદ સહિત રાજ્યભરની શાળાઓમાં 'ગીતા સેમિનાર' અને 'શ્લોક ગાન સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ ટ્રસ્ટ દ્વારા જણાવાયું કે ગીતા જયંતીના પખવાડિયા પહેલાં જ ભારતનાં અનેક રાજ્યો અંતર્ગત ગુજરાતમાં પણ અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, પાટણ, સુરેન્દ્રનગર, મોરબી, ઊંઝા સહિતના શહેરોમાં ગીતા સેમિનાર અને શ્લોક ગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે અમદાવાદમાં ૫૦થી વધુ શાળાઓમાં લગભગ ૫૦,૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. ખાસ કરીને બાળકોને દૈનિક જીવનમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પાઠ કરે તે માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

આ ટ્રસ્ટના પ્રેરણામૂર્તિ ભારતી શ્રીજીએ જણાવ્યું કે, 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' ભગવાનનું હૃદય છે. ગીતાજ્ઞાનની દૈનિક પઠનની જે વિસરાઈ ગયેલી પરંપરાને પુનર્જાગૃત કરવાનો અમારો પ્રયત્ન છે. જો ગીતાજ્ઞાન પઠન દૈનિક થાય તો જીવનમાં નવી ઉત્સાહનો સંચાર થાય છે. ભગવાનનાં આ હૃદયને જન-જન સુધી પહોંચાડીને આપણે ભગવાનની પ્રસન્નતા અને બધાના જીવનમાં આનંદની પ્રાપ્તિ કરાવવાનું આ શ્રેષ્ઠ સાધન છે.

# ગજાનન સેવા સમિતિ દ્વારા ચાઈલ્ડ હેવન સંસ્થામાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ગોઝારિયા પસે મેઉ ગામમાં કાર્યરત ચાઈલ્ડ હેવન સંસ્થાની મુલાકાત ડૉ. ચીતણિયા સાથે કરવામાં આવી હતી. અહીં રહેતાં ૬૦ બાળકોને બોલપેન, ચોપડ, પેન્સિલ તથા બિસ્કીટ જેવી અભ્યાસને લગતી સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થા તરફથી મિલિન્દભાઈ, યોગેશભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા.

## રાજ્યકક્ષાની ફેન્સિંગ ચેમ્પિયનશીપમાં જે એમ ચૌધરી કન્યા વિદ્યાલયે ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યકક્ષાની સિનિયર અને જુનિયર ફેન્સિંગ સ્પર્ધા ખોખરા, અમદાવાદ ખાતે યોજવામાં આવી હતી, જેમાં ગાંધીનગરની જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો અને શાળાનું ગૌરવ વધાર્યું હતું.

સિનિયર વિભાગમાં નિશા ચૌધરી, શીતલ ચૌધરી, અલકા ચૌધરી, અસ્મિતા ચૌધરી, નેહા ચૌધરી, મનિષા ચૌધરી, મિતવા ચૌધરી, સ્નેહલ ચૌધરી અને સુરેખા ચૌધરીએ તથા જુનિયર વિભાગમાં અલકા ચૌધરી, જાહ્નવી ચૌધરી, અનુરાધા પ્રજાપતિએ ભાગ લીધો હતો. સૌ વિદ્યાર્થીનીઓને શાળા પરિવારે બિરદાવી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## ગીતા જયંતિના ઉપક્રમે ગીતા ફેસ્ટ અંતર્ગત હરેકૃષ્ણ મંદિર દ્વારા
# ભગવદ્ગીતા આધારિત ઈન્ટસ્કૂલ સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

ગીતા જયંતિ ઉત્સવના ભાગરૂપે હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા ''ગીતા ફેસ્ટ''ની ઉજવણી કરવામાં આવનાર છે જે શ્રીમદ્ ભગવતગીતા આધારિત એક આંતર શાળા સાંસ્કૃતિક સ્પર્ધા છે અને તેનું આયોજન મંદિર ખાતે તા. ૦૨/૧૨/૨૦૧૭થી ૦૩/૦૧૨/૨૦૧૭સુધી કરવામાં આવ્યું છે. આ ફેસ્ટમાં જુનિયર કે.જી. થી લઈને ધોરણ ૧૨ સુધીના બધા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે.

ભગવદ ગીતાને સંપૂર્ણ સત્યના રહસ્યો વિશે સમજ આપતા સૌથી મહત્વપૂર્ણ દાર્શનિક ગ્રંથ તરીકે ગણવામાં આવે છે, જે માનવજાતની બધી કમનસીબી (દુર્ભાગ્ય) અને સમસ્યાઓનો ઉકેલ આપવા માટે એક મુખ્ય ચાવી ધરાવે છે. જો કે આશરે ૫૦૦૦ વર્ષો પહેલા મહાભારત યુધ્ધ નિર્માણ પામ્યું તે પહેલા કુરુક્ષેત્રની ભૂમિ પર સર્વશક્તિમાન ભગવાન શ્રી કૃષ્ણ અને તેમના પરમમિત્ર અર્જૂન વચ્ચે થયેલા વિશેષ સંવાદો થયા હતા તેમ છતાં ગીતા દરેક સમયે તમામ સંજોગોમાં સમાજના બધા વર્ગ માટે લાગુ પડતી એક સમર્થ કૃતિ છે. જો કોઈ ભગવદ-ગીતામાં દર્શાવેલા સિધ્ધાંતોને અનુસરશે તો તે જીવનની તમામ સમસ્યાઓ કે જે ભૌતિક અસ્તિત્વના ક્ષણિક સ્વાભાવમાંથી ઉદભવે છે તેનું સંપૂર્ણપણે નિરાકરણ કરી શકશે. સંપૂર્ણ ભગવદગીતાનો આ જ સારાંશ અને ભાવાર્થ છે.

ગીતા ફેસ્ટ એ ઉત્તેજનાયુક્ત શ્રેણીબધ્ધ સ્પર્ધા દ્વારા વૃદ્ધિ પામતા (વિકસતા) બાળકોના ગ્રહણશીલ વિચારોમાં શ્રીમદ ભગવદ-ગીતાના ગહન સંદેશને સ્થાપિત કરવાના એક સંયુક્ત પ્રયાસ છે. અમારું ધ્યેય આપણી યુવા પેઢીમાં વૈદિક વિદ્વતા વિશેની જાગૃતિ લાવવાનો છે, જે ભગવદ ગીતા દ્વારા વારસામાં મળેલ છે. ભગવદ-ગીતા માનવ જીવન માટે માર્ગદર્શિકા છે જેના મૂલ્યોને અમલમાં મૂકીને આપણે આપણા રોજિંદા જીવનમાં જે દરેક સમસ્યા અનુભવી રહ્યા છે તે દરેકનો ઉકેલ લાવી શકીએ છીએ.

ગીતા ફેસ્ટમાં ગીતા પ્રશ્નોત્તરી, ગીતા શ્લોકાનું ઉચ્ચારણ (રટણ) અને ગીતા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ફેસ્ટમાં ભાગ લેવા માટે કોઈ પ્રવેશ ફી નથી અને અમદાવાદ અને ગાંધીનગરની તમામ શાળાઓ આમાં ભાગ લઈ શકે છે. જે રીતે ભગવાન શ્રીકૃષ્ણએ અર્જૂનને પોતાનું કર્તવ્ય પાલન કરી યુધ્ધમાં વિજય થવા માટે ઉપદેશ આપેલ અને આ પ્રસંગની યાદગીરીરૂપે ગીતા જયંતિની ઉજવણી કરવામાં આવે છે. તે રીતે અમે આ સ્પર્ધા દ્વારા બાળકોને તેઓમાં અર્જૂન જેવી એક તક પૂરી પાડવા માંગીએ છીએ જે તેઓમાં મૂલ્યોનો વિકાસ કરવામાં અને અર્જૂનની જેમ તેમના જીવનમાં વિજેતા થવામાં મદદરૂપ બનશે.

આ વિશેની વધુ વિગત અને રજીસ્ટ્રેશન કરાવવા માટે હરેકૃષ્ણ મંદિર ભાડજ, સાયન્સ સીટી નજીક, અમદાવાદનો ટેલિફોન નં. ૯૯૦૪૫૨૯૯૩૩ , ૯૭૧૪૭૩૩૨૨૯ પર સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# 'સંસ્કાર વર્ધક' નિબંધ સ્પર્ધામાં શ્રી જે બી પ્રાથમિક શાળા ઝળકી

## બે વિભાગોમાં બે વિદ્યાર્થીઓએ વિજેતાક્રમ પ્રાપ્ત કરી રોકડ ઈનામ પણ પ્રાપ્ત કર્યું

ગાંધીનગર, તા. ૨૬

શ્રી નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન, મગોડી અંતર્ગત 'સંસ્કાર વર્ધક' નિબંધલેખન સ્પર્ધાનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. નિબંધલેખન સ્પર્ધામાં ધોરણ-૬થી ૮ના વિભાગમાં પ્રિન્સ વિજયભાઈ દંતાણીએ દ્વિતિય વિજેતાક્રમ સાથે રૂપિયા ૩૦૦નું ઈનામ તથા ધોરણ-૫થી ૮ના વિભાગમાં જૈનિલ પરેશચંદ્ર રાવલે તૃતિય વિજેતાક્રમ સાથે રૂપિયા ૨૦૦નું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું હતું.

બંને વિદ્યાર્થીઓને સમગ્ર શાળા પરિવાર વતી આચાર્ય નીવાબેન પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# 'ગણેશ' અને 'રામાયણ' એનિમેશન સ્વરૂપે સંસ્કૃત ભાષામાં

ગાંધીનગર, તા. ૨૬

વિશ્વભરમાં સંસ્કૃત ભાષાનો પ્રચાર-પ્રસાર વધી રહ્યો છે. ખાસ કરીને યુવાવર્ગ અને બાળકો સંસ્કૃત ભાષામાં રસ લેતાં થયા છે, એ મહત્ત્વની વાત છે. વૈશ્વિક સ્તરે જે એનિમેશન ફિલ્મો બનાવે છે, તેવી કંપનીઓ પણ 'ગણેશ' અને 'રામાયણ' જેવી બાળકો માટેની એનિમેશન ફિલ્મો સંસ્કૃત ભાષામાં લાવી રહી છે. 'રામાયણ' નામની એનિમેશન ફિલ્મનું મારા સ્વરમાં ડબિંગ ફેબ્રુઆરી-૨૦૧૮માં થશે અને પછી તે રીલિઝ થશે, એમ જાણીતા સંસ્કૃત ભાષાનાં વિદ્વાન ડૉ.બલદેવાનંદ સાગરે અમદાવાદમાં તાજેતરમાં જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, સંસ્કૃત સેવા સમિતિ અને એચ.કે.આટ્ર્સ કોલેજ, સંસ્કૃત-પ્રાકૃત વિભાગના સંયુક્ત ઉપક્રમે 'ઈલે. મીડિયા અને સંસ્કૃત' વિષય તેઓનું વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં સંસ્કૃત ભાષાનાં પ્રકાંડ વિદ્વાન, ડૉ.ગૌતમ પટેલ, ડૉ.હર્ષદેવ માધવ, એચ.કે.આટ્ર્સ કોલેજનાં આચાર્ય ડૉ.હર્ષદ બ્રહ્મભટ્ટ, સંસ્કૃત વિભાગાધ્યક્ષ ડૉ.રવીન્દ્ર ખાંડવાળા ઉપસ્થિત રહ્યાં હતાં. ડૉ. બલદેવાનંદ સાગરે જણાવ્યું કે બાળકો માટે હિતોપદેશની કથાઓ પણ સંસ્કૃતમાં પ્રાપ્ત થઈ રહી છે. તો દૈનિક ભાષામાં ઉપયોગમાં આવતા શબ્દો પણ હવે ઓનલાઈન ડિક્શનરીના માધ્યમથી મળી રહ્યાં છે. જ્યારે 'દિવ્યવાણી' નામથી ઓનલાઈન રેડિયો ચાલી રહ્યો છે, જે ૨૪ કલાક સંસ્કૃતમાં વિવિધ કાર્યક્રમો પ્રસારિત કરે છે. સુધર્મા નામનું સંસ્કૃત ભાષાનું સૌથી જૂનું દૈનિક પત્ર ચાલી રહ્યું છે. વર્તમાન સમયમાં ત્રણથી ચાર યુનિવર્સિટી સંચારમાધ્યમના અભ્યાસ ક્રમ પણ સંસ્કૃત ભાષામાં ચલાવી રહ્યાં છે. ભારતથી પ્રસારિત થતાં સંસ્કૃતના સમાચાર સાંભળીને ઓસ્ટ્રેલિયામાં રહેતાં એક ભાઈ તેનું ટ્રાન્સલેશન કરીને બીજા મિત્રોને કહે છે અને સંસ્કૃત ભાષાને શીખવા માટેનો પ્રયત્ન કરે છે. આ રીતે અનેક સ્થાનોમાં સંસ્કૃત ભાષાને શીખવવાથી માંડીને તે તરફનો ઝુકાવ જોવા મળી રહ્યો છે. સાથે જ સંસ્કૃત ભાષામાં વિદ્યાર્થીઓનો એક વર્કશોપ થયો હતો. તેમાં વોટ્સએપ, ટ્વિટર, ફેસબુક માટે અનેક મહત્ત્વનાં ચાર્ટ, કાર્ટૂન વગેરે વિદ્યાર્થીઓએ તૈયાર કર્યા હતા. તેમણે જણાવ્યું કે વર્તમાન આધુનિક વિજ્ઞાન દ્વારા પણ તમે સિદ્ધ કરી શકો છો કે વિશ્વની સૌથી પ્રાચીન ભાષા, સંસ્કૃત છે. એટલું જ નહીં, તેનું જે ધ્વનિવિજ્ઞાન છે, તે ખૂબ જ અદ્ભુત છે. જો તમે સંસ્કૃત મંત્રો કે શ્લોકોનું પાંચ મિનિટ પણ એક જ સમયે, નિયમિત રીતે ઉચ્ચારણ કરો તો તમારી રોગપ્રતિકારક શક્તિ પણ વધે છે. આજે પણ ફેસબુક, ટ્વિટર વગેરે સોશિયલ મીડિયા પણ સંસ્કૃત અને વિદ્વાનો અને સંસ્કૃત પ્રેમીઓનાં ગ્રૂપમાંથી બાકાત રહ્યું નથી. આ બધું જ જોતાં એક વાત ચોક્કસ છે કે વર્તમાન સમયમાં ભલે તમને સંસ્કૃત ભાષાનો પ્રભાવ સીધો જોવા ન મળે, પરંતુ આગામી ૧૦ વર્ષમાં જ સંસ્કૃત ભાષાની મહત્તા વૈશ્વિક સ્તરે વધતી જોવા મળશે.